# વિનીનું ઘર

રઘવાયો થઈને એ જતો હતો. એ ઇચ્છતો હતો કે કોઈ એને ટપારે નહીં, જુએ નહીં, નિરર્થક વાતોનો કાદવ એના પર ફેંકે નહીં. એ જાણતો હતો કે આ બધું સહન કરવું જ પડે છે, સામે મોં મલકાવવું પડે છે, હાથ ફરકાવવા પડે છે. બે-ચાર શબ્દો પણ ગણગણવા પડે છે. આ બધું જરૂરી છે, બેહદ જરૂરી. તે વગર સમાજ એની સામે વિચિત્ર નજરે જોશે, ધીમે ધીમે હડસેલા મારીને વર્તુળની બહાર પણ ફેંકી દે, કંઈ કહેવાય નહીં. અને એ પણ કહેવાય નહીં કે એવું બને તે એને ગમે કે નહીં... અત્યારે તો આમ જ ચાલ્યા કરવાનું, અને ઝટપટ વિનીને ઘેર પહોંચી જવાનું. પછી નિરાંત!

શું હતું વિનીના ઘરમાં? એ શોધી શક્યો નહોતો કે ત્યાં એવું તે શું હતું... પણ એટલું તો નક્કી હતું કે ત્યાં ગયા પછી બહુ હાશ લાગતી. ફાવે ત્યાં બેસો, ફાવે તેમ બેસો, મન થાય તો આડા પડો. કોઈ કશું પૂછે નહીં. થોડી વાર પછી સહેજ તીખી મીઠી સુગંધ આવે, વિનીની સુનેત્રા આવીને બે પાણીના પ્યાલા અને એક ચાનો કપ એની પાસે મૂકીને ચુપચાપ અંદર ચાલી જાય. મન થાય તો પી શકાય, નહીંતર કલાક પછી આખો ખેલ પાછો સમેટાઈ જાય.

અંધારું થયા પછી થોડી વારમાં વિની આવે. એની સામે અછડતી નજર નાખીને ખૂબ આનંદભર્યા સ્વરે કહે, 'ઓહો! આવી ગયો, અર્જુન? ચાલ, સારું થયું!' પછી એ પણ અંદરના ખંડમાં ચાલી જાય અને ઘણી બધી વારે આવીને બારીની બહાર જોતાં જોતાં કહે, 'ખબર છે, આજે શું થયું?'

લગભગ તો કશું થયું જ ન હોય. છતાં એની વાત સાંભળવાની મજા આવે. જાણે કોઈ અજાણી નદીનાં શાંત વહેણ પરથી હળવેથી ઊંચકાઈને આવતાં આછાં સૂર્ય કિરણ પોતાની આસપાસ રમે છે. બહુ સારું લાગે છે. ધ્યાન આપવાની, પ્રશ્નો પૂછવાની, હં કે હા કરવાની કશી જરૂર નહીં. વૃક્ષોનાં પાકટ પાનમાંથી વહેતા આવતા પવનના અવાજને કોઈ ક્યાં જવાબ આપે છે? તોય સાંભળવાનું ગમે. વિનીની વાતોનું એવું જ હતું.

કોઈ વાર વળી વિની નયે આવે. સાંજ રાતમાં ખોવાઈ જાય. નાનપણની યાદ આપતી આછી ધૂપસુગંધ ઘરમાં કશુંક શોધતી બધે ફરી વળે. સુનેત્રા અંદરના

બારણામાંથી જ ડોકિયું કરીને પૂછે, "જમવાના કે અર્જુનભાઈ?" અર્જુન ઘણુંખરું ના પાડે. કોઈ વાર વળી હા પાડી બેસે. જે સામે મુકાય તે ખાઈ લેવાનું. પછી થોડી વાર રાહ જોવાની. વિની આવે તોય ઠીક, ન આવે તોય ઠીક. પછી ઘેર જતાં જતાં વિચાર કરવાનો, શાથી મન હળવું ફૂલ લાગે છે? વિનીના ઘરમાં એવું તે શું છે કે ધોધમાં નાહ્યા પછી જૂની જિંદગી થોડીક વાર માટે પણ ભુલાઈ જાય અને એક નવોનકોર સમય શરૂ થયો હોય એવી લાગણી થાય છે?

આ જ પ્રશ્ન પોતાને ઘેર પહોંચ્યા પછી લમણામાં ફંગોળાવાનો. "એવું તે શું દાટ્યું છે એના ઘરમાં તે છાશવારે ને છાશવારે વગર બોલાવ્યે ત્યાં પહોંચી જાઓ છો? સાચું કહેજો, વિનીને ઘેર ગયા હતા ને?"

"હા."

"શું કરવા?"

"કોને ખબર!" કહીને પોતાના ઓરડામાં જતા રહેવાનું.

"છો ને તમને ખબર ન હોય! હું જાણું છું ને એ કેવી પહોંચેલી માયા છે? જોજો ખાંડ ખાતા કે તમે એકલા જ ત્યાં આંટાફેરા ને આશીર્વાદ કરો છો. બધા ઘણાય ત્યાં જાય છે. તમે કહેતા હો તો નામઠામ સાથે ગણી બતાવું." વિપુલાનો ગુસ્સો એના વધતા જતા અવાજમાં ઠલવાતો જાય ત્યારે મૌન સિવાય કોઈ ઇલાજ રહે નહીં.

માનો કે એ સાચી હોય. સાચી હશે જ, પણ એથી શું? વિનીના ઘરમાં તો ઘણા બધાએ જવું જ જોઈએ. જિંદગીના ભારથી થાકેલા માણસોને માટે બે ઘડી શ્વાસ લેવા આનાથી સારી કોઈ જગ્યા ન હોઈ શકે. ત્યાં અર્જુન એકલો શા માટે જાય? ખૂબ બધા લોકો ત્યાં જાય, આસાએશ પામે અને લગભગ નવા જેવા થઈને ત્યાંથી નીકળે એ જ યોગ્ય હતું.

શું હતું વિનીના ઘરમાં? એવું તે વળી શું કે જે બીજે કશે ન મળે? એમ તો અર્જુનનું પોતાનું ઘર પણ સરસ જ હતું. ચોખ્ખું ચણક અને ચકચકિત. વિપુલાના અગણિત નિયમોને આધીન એ ઘરમાં મગદૂર હતી કોઈની કે કશું પણ આમથી તેમ થઈ શકે? કદાચ એ જ મુખ્ય કારણ હશે મનમાં અભાવ જાગવાનું. માણસે ઘરના ગુલામ થઈને રહેવું પડે. કરોળિયાનાં જાળાં જેવાં સૂક્ષ્મ બંધનો સામે લડાય તો નહીં. એ લાંબો વખત સહેવાય પણ નહીં, એક આછી ગૂંગળામણમાં જીવ તરફડે. સાંજે ઘર ભણી વળતાં પગલાંમાં એકલી લાચારી હોય – ઉત્સાહ તો કદી નહીં. વિપુલાને આ બધું શી રીતે સમજાવાય? કોઈને પણ શી રીતે સમજાવાય? જો કે સમજાવવાની કશી જરૂર પણ નહોતી.

એટલું જ બસ હતું કે અર્જુન ફાવે ત્યારે જઈ શકે, મહિનાઓ લગી ન જાય તોય જ્યારે બારણે આવીને ઊભો રહે ત્યારે એ જ આવકાર મળે; નહીં કોઈ પ્રશ્નો, નહીં કશી અપેક્ષા, ન ઉપેક્ષા. નરી મોકળાશ, નરી આત્મીયતા! એવું પણ એક ઘર હતું – વિનીનું ઘર.

● ● ●

# જીદ

"ભાઈ! આજે બપોરે સાડાત્રણની ગાડીમાં જઈએ છીએ. તારે ઘણું કામકાજ હોય એટલે જશીઆને બોલાવ્યો છે. ઠેઠમઠેઠ ઘર લગીનો સંગાથ! તું લગીરે ફિકર ચિંતા ન કરતો." શંકરભાઈ આટલું કહીને ફરી પાછા માળા ફેરવવા બેસી ગયા.

વિપુલને માથે વીજળી પડી. 'અરે, પણ માંડ સુખના દહાડા આવ્યા છે ત્યારે તમે આ જવાનું ક્યાંથી કાઢ્યું?'

પણ એ જાણતો હતો. બાપુજી હવે નહીં બોલે. એમણે એમની મેળે કહેવાનું હતું તે કહી દીધું. અકળાઈને, સહેજ પગ પછાડતો એ અંદરના રૂમમાં જઈને બોલ્યો, "બા, તમે તો કંઈ સમજાવો! આટલી ઉંમરે તમારે હવે દેશમાં જઈને શું કામ છે? લોકો તો મારો અને ડૉલીનો જ વાંક કાઢશે ને! સાચેસાચું કહેજો – તમારે અહીં શું દુ:ખ છે? હજી ગયે અઠવાડિયે તો નવું એ.સી. નખાવી દીધું છે તમારા રૂમમાં. અને બા... મહિનામાં નવી મોટર પણ આવી જશે. તમતમારે દેવદર્શન, સગાંવહાલાં જ્યાં જવું હોય ત્યાં આરામથી હરજોફરજો."

"ભાઈલા, તારી બધી વાત સાચી, પણ અમારો જીવ હવે ઊપડ્યો છે. સેંધાપરની માટી જોયા વગર ચેન નહીં પડે."

"તે બેચાર દહાડા ફરી આવો... હું બધી ગોઠવણ કરી દઉં, પણ આમ કાયમ ખાતે તે જવાતું હશે?"

"કાયમ?" દિવાળીબા હસી પડ્યાં. "આ દુનિયામાં કાયમ તો કોણ રહ્યું છે તે અમે રહેવાનાં? પણ... અહીં હવે ન ગોઠે. અમને જવા દે."

"કમાલ કરો છો ને! એક બાજુ મારે કેટલું બધું કામ... માથે જમ જેવા ઑફિસરો બેઠા હોય... પ્રમોશનની તૈયારી છે. એવામાં તમે આ તૂત ક્યાંથી કાઢ્યું? સાચું કહું છું, હું તમને નથી જવા દેવાનો."

"જીદ ના કરીશ, ભાઈ! અમને રાજીખુશીથી રજા આપ."

"જીદ મારી નહીં, તમારી છે, બા! એટલો તો વિચાર કરો, તમે સાજાં માંદાં થયાં તો મારે કેટલી દોડાદોડ થાય? ગામડાગામમાં નહીં ડૉક્ટરોનાં ઠેકાણાં, હૉસ્પિટલ તો હશે જ નહીં."

"બેટા, હવે ઉંમર થઈ. ટાંકાટેભા કેટલા કરવાના? હરતાંફરતાં ઊપડી જઈએ એના જેવું સુખ નહીં અને આવરદા તો લખાવીને આવ્યા હોઈશું એટલી જ ભોગવવાની છે ને!"

"તમે કંઈ સમજતાં જ નથી. જમાનો કેટલો આગળ વધી ગયો છે? દરદીને મોતના મોંમાંથી પાછો ખેંચી લાવે છે ડૉક્ટરો, ખબર છે?"

"પછી પથારીમાં પડીને કણસવાનું, બીજું શું? પણ ભાઈ, જવા દે ને આ બધી પંચાત! સો વાતની એક વાત, અમે આજે જઈશું. હસતા મોંએ રજા આપ. કોક વાર મન થાય તો વહુ ને છોકરાંને સાથે લઈને આંટો મારી જજે, બરાબર?"

"જરાય બરાબર નહીં. તમે કહેતાં નથી, પણ ડૉલીએ કંઈક કર્યું હશે કે બોલી હશે એટલે તમારો જીવ દુભાયો હશે – બોલો, ખરી વાત ને?"

"ના!"

"તો પછી?"

"તારા બાપુજીનું જ મન ઊઠ્યું છે. નહીં તો મને ઘરડેઘડપણ નવેસરથી ઘર માંડવાનો અભરખો રહી ગયો હશે?"

"હવે એ તો માળા લઈને બેસી ગયા છે. દસ માળાની એક બનાવી છે. કોણ જાણે ક્યારે પૂરી થશે?"

ઘડિયાળ સામે જોતો જોતો વિપુલ અકળાઈ ગયો હતો. અકળામણ ગેરવાજબી તો નહોતી જ, પણ...

સારું થયું, વચ્ચે વચ્ચે મોબાઇલની રિંગ વાગી. કોઈક બીજી વાતમાં ધ્યાન ગયું, બીજા માણસો સાથે વાત થઈ; નહીંતર તો ઉંદરિયામાં સપડાયેલા ઉંદરની જેમ એનું મન આ એક જ સમસ્યા પાછળ આંટાફેરા માર્યા જ કરત. એવું તે શું દુઃખ પડી ગયું હશે આ ઘરડાં માબાપને કે દેશમાં જવા તૈયાર થઈ ગયાં? પહેલેથી કહ્યું હોત તો કોકને સાથે મોકલત, મોટરમાં જવાની વ્યવસ્થા કરત. આ તો સાડાત્રણની ટ્રેન અને એમનો લાડકો જશીઓ!

જો કે જશીઓ કંઈ નાખી દેવા જેવો નહોતો. નાનપણમાં પોતે એની સાથે રમ્યો છે, રાયણાં ને બોરાં વીણી ખાધાં છે, ઘેલી નદીમાં નાહ્યો છે, પણ એ બધું હવે પતી ગયું. પૂરું થઈ ગયું. પોતે ભણીગણીને ઑફિસર થઈ ગયો, જશીઓ ત્યાંનો ત્યાં રહ્યો. વાડી સંભાળે છે, અવારનવાર આવીને હિસાબ સમજાવી જાય છે, વધેલા રૂપિયા પણ આપી જાય છે – તોય તે, જશીઓ એટલે જશીઓ! બા–બાપુજી એને ભરોસે દેશમાં જવાનું વેન લઈને બેઠાં છે એ તો તદ્દન ખોટી વાત. એમને આવી રીતે જવા જ ન દેવાય – પણ શું થયું હશે, શાથી આ ઉપાડો લીધો હશે?

આખરે વિપુલની અકળામણનો અને શંકરભાઈની માળાનો એકસાથે અંત આવ્યો.

મન મક્કમ કરીને વિપુલ બોલ્યો, "બાપુજી! તમારે નથી જવાનું."

"કોણ કહે છે?"

"હું, તમારો એકનો એક દીકરો."

"દીકરો સો વરસનો થાય, પણ અમારે હવે જવું છે."

"શાથી?"

"જો બેટા, કોઠી ધોયે કાદવ નીકળે, આ ચર્ચા પડતી મૂક."

"ના, તમારે કહેવું જ પડશે."

"સંભળાશે તારાથી? તો સાંભળ. વિપુલ! મેં દુનિયા જોઈ છે. જે ઠાઠમાઠથી આપણે રહીએ છીએ તે તારા પગારની નીપજ ન હોય, હોઈ જ ન શકે."

"બીજીયે થોડી આડીઅવળી આવક હોય ને, બાપુજી!"

"એ જ વાત છે. એટલે અમે હવે અહીં નહીં રહીએ..."

"પણ આખી દુનિયા હવે એમ જ ચાલે છે."

"ભલેને ચાલતી. મેં કંઈ દુનિયાને સુધારવાનો ઠેકો લીધો છે? પણ અમે હવે જઈશું."

"શું કામ પણ?"

"આખી જિંદગી નેકીનો રોટલો ખાધો છે – હવે મારે ઘડપણ નથી અભડાવવું. ને તું બેટા, વળાય તો પાછો વળજે, પણ હું સમજું છું, તારે માટે એ મુશ્કેલ છે. હરિ ઇચ્છા બળવાન! ચિંતા ન કરતો. ત્યાંય જશીઓ તો છે જ ને!"

• • •